# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-05-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## સંરક્ષણમંત્રી રાજનાથસિંહ આજે ભુજની મુલાકાતે:

સુરક્ષા દળોનો જુસ્સો વધારવા દેશના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજે જીલ્લા મથક ભુજ આવી રહ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે. આજે સંરક્ષણ મંત્રી ભારતીય સેનાની ત્રણેય પાંખ અને સુરક્ષા દળના જવાનો અને અધિકારીઓને સંબોધન કરશે. પહેલગામ હુમલા બાદ ભારતની જવાબી કાર્યવાહી અને સામસામા આક્રમણ સહિતનો સમયસગાળો સીઝફાયર સાથે હાલે સ્થગિત થઈ ચૂકયો છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સીઝફાયર બાદ તુરંત કાશ્મીરમાં ઉધમપુર બોર્ડર ખાતે જવાનોનો હોંસલો વધુ બુલંદ કરવા પહોચ્યા હતા. આ પછી આજે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ભુજ વાયુદળ મથકે આવી રહ્યા છે.

સંરક્ષણ મંત્રી હવાઈ માર્ગે સવારે ભુજનાં વાયુદળ મથક આવી પહોચશે. ભુજ રોકાણ દરમ્યાન તેઓ લશ્કર, વાયુદળ અને નૈકાદળ ઉપરાંત સુરક્ષા સાથે સંલગ્ન વિવિધ દળોના અધિકારીઓ અને જવાનોને સંબોધન કરશે, જેમાં તેઓ સુરક્ષા જવાનોનો હોંસલો વધુ બુલંદ બનાવવા સાથે તેમની પીઠ થાબડશે. દરમ્યાન સંરક્ષણ મંત્રીની ભુજ મુલાકાત અન્વયે તમામ તૈયારીઓ કરી લેવા સાથે તેને અંતિમઓપ અપાઈ ચૂકયો છે.

---------------------------------------------------------------------------------

## વિદેશમંત્રી ડો.એસ.જય શંકર:

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈપણ ત્રીજા પક્ષની મધ્યસ્થીનો ઇનકાર કર્યો, અને પુનરોચ્ચાર કર્યો હતો કે ઇસ્લામાબાદ સાથેના વ્યવહારો સંપૂર્ણપણે દ્વિપક્ષીય રહેશે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા ડૉ.

જયશંકરે કહ્યું કે, ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે પાકિસ્તાન સાથે ચર્ચા કરવાની બાકી રહેલી એકમાત્ર બાબત કાશ્મીરમાં ગેરકાયદેસર રીતે કબજા હેઠળના ભારતીય પ્રદેશને ખાલી કરાવવાની છે.

વિદેશ મંત્રીએ ભાર મૂક્યો કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાન સાથે વાતચીત ફક્ત આતંકવાદ પર જ થશે. તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાન પાસે આતંકવાદીઓની યાદી છે જેને સોંપવાની જરૂર છે, અને તેમણે આતંકવાદી માળખાને તોડી પાડવું પડશે.

---------------------------------------------------------------------------------------------

## <u>સંરક્ષણમંત્રી-શ્રીનગરની મુલાકાત-:</u>

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર એ છેલ્લા અનેક દાયકાઓથી પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરથી નિકાસ થઈ રહેલા આતંકવાદ સામે ભારતનો અદમ્ય અને મજબૂત જવાબ છે. શ્રીનગરમાં સેનાના 15 કોર્પ્સ બદામી બાગ કેન્ટોનમેન્ટ ખાતે સૈનિકોને સંબોધતા, તેમણે ઓપરેશન સિંદૂરને અમલમાં મૂકતી વખતે ભારતીય સશસ્ત્ર દળોની તેમની બહાદુરી અને ઝીણવટભર્યા કાર્યની પ્રશંસા કરી. તેમણે કહ્યું ઓપરેશન સિંદૂર આતંકવાદ સામે ભારતની સૌથી મોટી કાર્યવાહી છે.

સંરક્ષણ મંત્રીએ પાકિસ્તાનના હાથમાં રહેલા પરમાણુ શસ્ત્રોની સલામતી પર પ્રશ્ન ઉઠાવ્યો. તેમણે કહ્યું કે પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રોને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીની દેખરેખ હેઠળ લેવા જોઈએ.

---------------------------------------------------------------------------------------------

## <u>13 થી 23 મે તિરંગા યાત્રા:</u>

દેશભરમાં 13 થી 23 મે સુધી ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં ગઇકાલે વિવિધ જિલ્લાઓમાં તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.  ભુજ ખાતે 325 મીટર લાંબા ત્રિરંગા સાથે જ્યુબિલી સર્કલથી શરૂ થયેલી યાત્રા વિડી હાઈસ્કૂલ થઈને હમીરસર તળાવ

નજીક મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે પૂર્ણ થઇ હતી. ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે પણ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં. ઉપરાંત પાટણ મોરબી, બોટાદ, ડાંગ અને જામનગરમાં પણ તિરંગાયાત્રા નીકળી હતી.

---------------------------------------------------------------------------------

## રક્તદાન કેમ્પ-ગઢશીશા GMDC:

ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિ. ના ૬૨માં સ્થાપના દિન નિમિતે ગઈકાલે સી.બી. પ્રોજેક્ટ ગઢશીશા ખાતે રેડક્રોસ સોસાયટી ભુજના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય ઉદેશ્ય જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી રક્ત એકત્ર કરવાનો હતો.આ રક્તદાન કેમ્પમાં કુલ ૭૧ લોકોએ રક્તદાન કર્યું હતું. તમામ રક્ત દાતાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટીમાં કુલ સચિવની નિમણુંક કરાઈ:

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં લાંબા સમયથી ખાલી પડેલા કુલસચિવના પદ પર પ્રા. ડો. અનિલ ગોરની પાંચ વર્ષ માટે કાયમી નિયુક્તિ કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડો. અનિલ ગોર યુનિ.ના પ્રથમ કાયમી કુલસચિવ તેમજ નાયબ કુલસચિવ તરીકે 2003થી 2010 દરમિયાન કાર્યભાર સંભાળી ચૂક્યા છે. તેઓ આ પદ પર પાંચ વર્ષ સુધી કાર્યરત રહેશે. કચ્છ યુનિવર્સિટીને કાયમી રજિસ્ટ્રાર મળતાં હવે વહીવટી ગતિવિધિઓને વેગ મળશે તેવું આ ક્ષેત્રના જાણકારોએ જણાવ્યું છે.

---------------------------------------------------------------------------------

## આજે ડેન્ગ્યુ દિવસ:

આજે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી મચ્છરજન્ય રોગ અને તાવ વિશે જાગૃતિ ફેલાવવા માટે કરવામાં આવે છે. કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૫માં આ રોગની નાબૂદી માટે " તપાસો, સાફ કરો, ઢાંકો: ડેન્ગ્યુને હરાવવાનાં પગલાં"

થીમ સાથે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ડેન્ગ્યુનો તાવ પીડાદાયક હોય છે. જો યોગ્ય સારવાર ન કરવામાં આવે તો મૃત્યુનું જોખમ પણ વધી શકે છે.

----------------------------------------------------------------------------------------------------